ઓઉટસોસીગ થી કરવામાં આવતી કામગીરી તથા
ઈજારદાર દ્વારા થતા શ્રમિકોના વેતન ચૂકવણાં બેંક
એકાઉન્ટ મારફત કરવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક એલએસજી/૧૦૨૦૧૬/૮(૨)/બ્ર
સચિવાલય, ગાંધીનગર
તા: ૦૨-૧૨-૨૦૧૬

ભારત સરકારના Demonetization-cum-Familiarization programme હેઠળ વિવિધ બેંકો દ્વારા ઉપલબ્ધ ઓનલાઈન બેંકીગ સેવાઓના લાભોના મહત્તમ ઉપયોગ થાય તે અંગે અમલ કરવા જણાવવામાં આવેલ છે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૧૬ની સૂચનાઓ અનુસાર સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના તમામ શ્રીમકોને બેંક ખાતા ખોલવવા અંગેની સુચનાઓ આપવામં આવેલ છે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય, ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સીયલ સર્વિસ, નાણાં મંત્રાલયના સહયોગથી દેશવ્યાપી ઝુંબેશ દ્વારા સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના જે શ્રીમકોના આજની તારીખે બેંકમાં કોઈ ખાતા નથી, તેઓ માટે ખાસ કેમ્પ યોજી જીલ્લાના નિયત સ્થળોએ જરૂરી સગવડ આપી આવા શ્રીમકોના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલવવા નકકી કરવામાં આવેલ છે.

સરકારે તાજેતરમાં જ ડિઝીટલ ટ્રાન્જેકશનનો વ્યાપક ઉપયોગ થાય તે હેતુસર દરેક રાજયને સૂચનાઓ આપી છે અને તેમાં સક્રિય સહયોગ આપવા જણાવેલ છે.

શ્રમ મંત્રાલય દ્વારા તમામ મહેકમ, કર્મચારી સંગઠનો અને તેની સાથે સંકળાયેલા દરેક જરૂરિયાતમંદ શ્રમિકોને કેમ્પનો સંરળતાથી લાભ મળે અને તેઓને જરૂરી સેવાઓ પ્રાપ્ત થાય તે માટે સહકાર આપવા જણાવેલ છે. આ પ્રકારે સગવડ ઊભી કરી સર્વગ્રાહી નાણાંકીય સર્વિસ અને પારદર્શકતાઓ તમામ નાણાંકીય વ્યવહારમાં ઉપયોગ થાય તે હેતુસર ભારત સરકારની "ફલેગશીપ જનધન યોજના" હેઠળ શ્રીમકોના ખાતા ખોલાવી તેનો લાભ Direct Benefit Transfer (DBT) મારફતે આપવા જણાવેલ છે.

ઉકત વિષયે શ્રમ અને રોજગાર મંત્રાલયના તા.૨૫/૧૧/૨૦૧૬ ના પત્ર ક્રમાંક ૧૪(૮૭)/૨૦૧૬/CORD માં આપેલ સૂચનાઓ અનુસાર શ્રમિકોને નાણાંકીય સર્વિસના હેતુસર તેઓના વેતન તેમના બેંક એકાઉન્ટમાં જમા થાય તે જરૂરી છે.

આમ વિશેષ કરીને કારાર અને દૈનિક વેતન પર રાખેલા શ્રમીકોને મુખ્ય નોકરી દાતા, ઈજારદારએ તેઆના તમામ શ્રમીકો અને કર્મચારીઓના વેતનનું ચુકવણું બેંક એકાઉન્ટમાં થાય તે સૂનિશ્ચિત કરવાનું રહેશે.

ઉકત બાબતોને અનુલક્ષી માર્ગ અને મકાન વિભાગ તથા તેના નિયંત્રણ, અધિકારી, ઉપાડ અને વહેંચણી અધિકારીને નીચે મુજબની સૂચનાનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૧) માર્ગ અને મકાન વિભાગ તથા તેના નિયંત્રણ હેઠળની કચેરીઓ દ્વારા આઉટસોસીગથી લેવામાં આવતી સેવાઓના ઈજારદારશ્રીઓ દ્વારા શ્રમીકોને થતા વેતના તમામ ચુકવણાં રોકડેથી ન કરતા ફરીજયાત બેંક મારફતે ચેક /ઓનલાઈન થી કરવા આથી જણાવવામાં આવે છે.

૨) ઈજારદાર દ્વારા નોંધાયેલ શ્રમીકોના બેંકમાં ખાતા ન હોય તેવા શ્રમીકોને બેંકમાં ખાતા ખોલવાના રહેશે અને વેતન ચૂકવણું રોકડમાં ન કરતાં એકાઉન્ટમાં કરવાનું રહેશે.

ઉકત સૂચનાનું ચુસ્તપણે અમલ થાય તે જોવા સંબધિત નિયંત્રણ અધિકારી/ ઉપાડ અને વહેંચણી અધિકારીઓને જણાવવામાં આવે છે. આ બાબતે ચુક જણાશે તો સંબધિત અધિકારીની જવાબદારી નકકી કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(કે.પી.ભટ્ટ)
નાયબ સચિવ (બજેટ)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ

- સચિવશ્રીના અંગત મદદનીશ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મુ.ઈ.અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે નિયંત્રણ અધિકારીઓ, માર્ગ અને મકાન વિભાગ (ઉકત બાબતે કરેલ કાર્યવાહીની વિગતો દિન–૭ માં મોકલી આપવાની વિનંતી સહ)
- સર્વે ઉપાડ અને વહેંચણી અીધકારીઓ, માર્ગ અને મકાન વિભાગ (ઉકત બાબતે કરેલ કાર્યવાહી ની વિગતો દિન–૭ માં મોકલી આપવાની વિનંતી સહ)

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક : એસ.એસ.આર–૧૦૨૦૦૪–આઈબી–૪૧ (૨૪) સ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨–૧૨–૨૦૦૬

વિષય : મકાનો અને અન્ય બાંધકામના કામદારોના કલ્યાણ સેસ.એકટ ૧૯૯૬ હેઠળ ૧% સેસ "ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલફેર બોર્ડ" માં જમા કરાવવા અંગે

સંદર્ભ : (૧) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : સીડબલ્યુએ–૨૦૦૬–૮૪૧–એમ–૩, તા. ૩૦–૧–૨૦૦૬

(૨) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : સીડબલ્યુએ–૨૦૦૬–૧૯૩૧–એમ–૩, તા. ૯–૧૨–૨૦૦૫

<u>પરિપત્ર</u> :

ઉપરોકત વિષયના સંદર્ભમાં દર્શાવેલ શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦–૧–૨૦૦૬ તથા તા. ૯–૧૨–૨૦૦૫ ના ઠરાવો (નકલ સામેલ છે) તરફ સર્વે સંબંધિતોનું ધ્યાન દોરતાં આથી જણાવવામાં આવે છે કે મંજૂર કરાતા ડ્રાફટ ટેન્ડર્સ પેપર્સમાં "સેસ" અંગે જોગવાઈ કરીને ઈજારદારોના દર મહિને કરેલ કામના બિલાના ચુકવણામાંથી ૧(એક) ટકો સેસ કાપીને તે રકમ ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલફેર બોર્ડ" ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી નિયત કરેલ હેડ–સબ હેડ ખાતે સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા જમા કરાવવાની રહેશે. હવે પછીથી જે નવા અંદાજો મંજૂર કરવામાં આવે તેવા અંદાજની દરેક આઈટમના ભાવોમાં ૧% વધારો કરીને વધારેલ ભાવ મુજબ અંદોજો મજુર કરવાના રહેશે. તથા ડ્રાફટ ટેન્ડર્સ પેપર્સમાં તે મુજબ રકમ મુકવાની રહેશે. મોટા ઓ સુવાચ્છ અક્ષરે :ત્ભ માં બીલમાંથી કપાત થનાર બધા જ પ્રકારના ટેક્ષ /સેસ વિગેરેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

આ સૂચનાઓનો અમલ ચુસ્ત પણે થાય તેની દરેક દરેક સંબંધિતોને નોંધ લઈ તે મુજબ કાર્યવાહી અચૂક રીતે હાથ ધરવાની રહેશે.

સહી/–
(અશોક પંડયા)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ.

નકલ રવાના :–
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ. વર્તુળ,/પંચાયત મા.મ. વર્તુળ, ને.હા.વર્તુળ, એકસપ્રેસવે વર્તુળ, રા.ધો.મા.યો. વર્તુળ તથા ઈલેકટ્રીકલ મા.મ. વર્તુળ, સહિત

૧. સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ , ઉપરોકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો
૨. વિભાગના દરેક તાંત્રિક અધિકારીઓ., ના.કા.ઈ.શ્રીઓ સહીત મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જે કામ માટે એકજ ટેન્ડર આવેલ હોય
તે ટેન્ડર પુનઃ માંગવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક : TNC-10-2017-03-C(R&B)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૧૭

<u>પ્રસ્તાવનાઃ—</u>

અનુભવે પ્રસ્થાપિત થયેલ છે કે, બાંધકામની કામગીરી માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે કેટલીક વાર એક જ ઈજારદાર ધ્વારા ટેન્ડર ભરવામાં આવે છે ત્યારે આ ટેન્ડર વિભાગીય કક્ષાએ ખોલ્યા બાદ વર્તુળ કચેરીમાં તથા કેટલાંક કિસ્સામાં સરકારમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવે છે, તેમજ કેટલીક વાર ટેન્ડર નામંજુર કરી પુનઃ માંગવાનો નિર્ણય કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શિકા પ્રમાણે પ્રથમવારનું સીગલ ટેન્ડર નહી ખોલવા અને આવું સીગલ ટેન્ડર ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ પણ એક માત્ર ટેન્ડર આવેલ હોય, તેવા કિસ્સામાં આવું ટેન્ડર મંજુર નહી કરીને ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે અને ત્યાર પછીના પ્રયત્નોમાં પણ એક જ ટેન્ડર આવે તો આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા વિચારણા કરી શકાશે.

<u>ઠરાવ</u>:—

પુખ્ત વિચારણાને અંત ઉકત સંજોગોમાં નીચે મુજબની કાર્ય પધ્ધતિ નકકી કરવાનુ ઠરાવવામાં આવે છે.

૧. જે કામ/ પેકેજ માટે માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવેલ હોય તેવા કામ/ પેકેજના ટેન્ડરને Single Tender ગણવાનું રહેશે. આ પ્રકારના કિસ્સામાં ટેન્ડર ખોલવાનું રહેશે નહિ તથા ટેન્ડર પુનઃ માંગવાનું રહેશે. માત્ર વિશિષ્ટ સંજોગો, જેવા કે કુદરતી આપત્તી અને. તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરોમાં પૂરતાં કારણો તેમજ અભિપ્રાય સાથે Single ટેન્ડર સ્વીકારવા માટે રજુ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરી શકાશે.

૨. બીજીવાર માંગવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એક જ ટેન્ડર ભરાઈને (Single Tender) આવે, તો તે ખોલીને આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરવાની રહેશે.

આ હુકમો તાત્કાલીક અસરથી અમલમાં આવે છે. આ ઠરાવ નાણા વિભાગની ફાઈલ ક્રમાંકઃટીઈએન/૨૦૧૬/એફએ(મા.મ) પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

સહી/—
(એ.એન. મિસ્ત્રી)
ઉપ સચિવ(રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ.

પ્રતિ,

(૧) માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. મંત્રીશ્રી (ન.જ. અને પા.પુ. અને કલ્પસર વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નર્મદા અને જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ, સચિવાલય, ગાંધીનગર

(૬) પંચાયત ગ્રામ ગુહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) શહેરી વિકાસ અને શહેરી ગુહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ-૧, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૯.

(૯) એકાઉન્ટન્ટ જનરલ,ઓડીટ-૨, રેસકોર્સ, રાજકોટ

(૧૦) એકાઉન્ટન્ટ જનરલ, (એ એન્ડ ઈ), રેસકોર્સ, રાજકોટ

(૧૧) ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ, (એ એન્ડ ઈ), પાંચમો માળ ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૯.

(૧૨) સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

(૧૩) સર્વે અ.ઈ.શ્રીઓ /મા.મ.વ/ પંચાયત મા.મ. વર્તુળ /રા.ધો. મા.મ. વર્તુળ/ રા.મા. યોજના વર્તુળ/પાટનગર યોજના વર્તુળ/ એકસપ્રેસ-વે વર્તુળ /વિદ્યુત વર્તુળ સહિત.

(૧૪) સર્વે કા.ઈ.શ્રીઓ, ઉપરોકત વર્તૃળો હસ્તકના સર્વે વિભાગો.

(૧૫) નિયામકશ્રી, ગેરી, વડોદરા.

(૧૬) મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા.વિકાસ નિગમ લી. ગાંધીનગર

(૧૭) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ સે.૧૦, ગાંધીનગર.

(૧૮) નિયામકશ્રી, ઉપવન અને બગીચા, ગાંધીનગર

(૧૮) નાણાંકીય સલાહકારશ્રી, (મા.મ) વિભાગ,સચિવાલય ગાંધીનગર

(૧૯) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત) મા.મ.વિભાગ

(૨૧) સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨૨) સીલેકટ ફાઈલ-૨૦૧૭

ઈજારદારશ્રીને કરેલ કામનું ચુકવણું
RTGS/NEFT પધ્ધતિએ કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : SSR-૧૦૨૦૧૭-૫૭-સી.
તા.૩૦/૦૪/૨૦૧૮

**આમુખઃ–**

ભારત સરકાર દ્વારા ડીઝીટલ ટ્રાંઝેકશનનો વ્યાપક ઉપયોગ થાય અને બેંકો દ્વારા ઉપલબ્ધ વિવિધ ઓનલાઈન બેંકીગ સેવાઓનો ઉપયોગ વ્યાપક થાય તે માટે દરેક રાજયને સુચનાઓ આપેલ છે અને રાજયોને સક્રીય સહયોગ આપવા જણાવેલ છે. ગુજરાત સરકાર દ્વારા પણ વિવિધ સરકારી કચેરીઓમાં કેશલેશ ટ્રાન્ઝેશકન થાય એ મુજબની વ્યવસ્થા ગોઠવવા માટે વખતોવખત સૂચના આપવામાં આવેલ છે. ઈજારદારશ્રીઓના કરેલ કામનું ચુકવણું RTGS/NEFT થી કરવાની પધ્ધતિથી ઈજારદારશ્રીઓને ઝડપથી નાણા મળી રહે છે. આ નેટ બેન્કીગ પધ્ધતિ ખુબ જ અસરકારક અને હકારાત્મક પુરવાર થયેલ છે. ઈજારદારશ્રીએ કરેલ કામનું ચુકવણું આજના આધુનિક બેન્કીગ પ્રમાણે RTGS/NEFT થી કરવા અંગે મળેલ વિવિધ રજુઆતો અન્વયે પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્રઃ–**

ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ ના નિયમ–૩૩૭ (પ્રકરણ–૧૪) અનુસાર જે તિજોરીઓની રોકડ લેવડ–દેવડ બેન્ક મારફતે થતી હોય ત્યાં શાખપત્ર અંગેના નિયમો પ્રકરણ–૧૩ ની જોગવાઈને આધિન રહીને લાગુ પડે છે તેમજ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીનો ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે Cheque Drawing GF Power ધરાવતા હોઈ, વિભાગીય કચેરી હસ્તકના ઈજારદારશ્રી દ્વારા કરેલ કામોના ચુકવણાં માટે જિલ્લા તિજોરી ખાતે LC એડવાઈઝ મંજુર કરાવી, LC નો ચેક કાઢી, બેન્ક મારફતે જે તે ઈજારદારશ્રીને RTGS/NEFT હેઠળ ચુકવણું કરવાનું રહેશે.

ઉપરોકત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

આ પરિપત્ર સરખાક્રમાંકની ફાઈલ ઉપર તા.૦૬/૧૨/૨૦૧૭ થી મળેલ નાણાં વિભાગની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર.

ટેન્ડર માટે વાટાઘાટોની નિતી નક્કી
કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : એસ/૨૨/૨૦૧૭/૬૩૯/ડ.
તા.૦૮/૦૬/૨૦૧૮

**આમુખઃ–**

માર્ગ અને મકાન વિભાગનાં વિવિધ કામો માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે. કયારેક ઈજારદારે ભરેલ ટેન્ડરના ભાવ જે તે વિસ્તારમાં ટેન્ડર મંજુરીના નિર્ણય કરવાના સમયે તે સમયે જે તે ટેન્ડરના કામના વિસ્તારમાં મંજુર થયેલ અન્ય ટેન્ડરની સરખામણીમાં ઉંચા જણાય તેવા સંજોગોમાં ઈજારદારને વાટાઘાટ માટે બોલાવવામાં આવે છે. કયારેક જેતે ટેન્ડર ભરનાર ઈજારદાર વારંવાર વાટાઘાટની તારીખ અને સમય ફાળવ્યાબાદ સક્ષમં અધિકારી પાસે વાટાઘાટ માટે આવતા નથી/ વેલીડીટી લંબાવી આપતા નથી. તેમજ વેલીડીટી પીરીયડ પુરો થાય ત્યાં સુધી પોતે વાટાઘાટ કરવા માંગતા નથી તે પ્રકારનો પત્ર પત્ર આપતા નથી. તે કારણોસર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાથી ટેન્ડર ફરીવાર માંગવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. જેના કારણે પ્રજાલક્ષી કામોમાં વિલંબ પણ થાય છે. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્રઃ–**

ટેન્ડર મંજુરીની દરખાસ્ત કરતી સમયે જે તે ક્ષેત્રિય કચેરીમાંથી જે તે વિસ્તારનાં સમાન પ્રકારનાં છેલ્લા છ માસમાં મંજુર થયેલ કામોની વિગતો સાથે કેટલી રકમ સુધીનું ટેન્ડર મંજુર કરવાપાત્ર રહે છે. તે વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે. ઈજારદારને ટેન્ડર વેલીડીટી તેમજ ટેન્ડર મંજુરીનો સમયગાળો ધ્યાનમાં લઈ વધુમાં વધુ ત્રણ વખત વાટાઘાટ માટે જાણ કરવામાં આવશે. જો ઈજારદાર વાટાઘાટ કરવા માંગતા ન હોય તો તેમણે વાટાઘાટની સુચના મળ્યાબાદ તરતજ તેઓ વાટાઘાટ કરવા માંગતા નથી તે મુજબનો પત્ર પાઠવવાનો રહેશે. જો ઈજારદાર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાના સમયગાળા સુધીમાં પણ આ પ્રકારનો પત્ર પાઠવશે નહી અથવા વાટાઘાટ કરશે નહી તો તેમનું ટેન્ડર રદ ગણવામાં આવશે અને તેમની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ ઈજારદાર પર શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પરિપત્રની તારીખથી Notice Inviting Tenders માં નીચે મુજબની વધારાની વિગત ઉમેરવાની રહેશે.

If found necessary, contractor will be intimated for negotiation. He will be intimated maximum three times within validity period for negotiation. If contractor does not respond in time, his earnest money will be forfeited and his tender will be rejected. Punitiative action will be taken on such contractor.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ્રસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર.

સરકારના વિવિધ વિભાગો/ ખાતાઓ દ્વારા
જી.એસ.ટી. કાયદા હેઠળ TDS માટે નોંધણી
નંબર લેવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૯/૦૧૮

૧. વંચાણે લીધોઃ- નાણાં વિભાગનો તા.૧૯/૦૭/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ.
૨. વંચાણે લીધોઃ- નાણાં વિભાગનો તા.૨૫/૧૦/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ.
૩. વંચાણે લીધોઃ- નાણાં વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ.
૪. નાણાં વિભાગનું તા.૧૪-૯-૨૦૧૮નું જાહેરનામું ક્રમાંક (GHN-89)/GST-2018/S.1(4)TH.

ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેકસ એકટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેકસ એકટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અનુસાર જયારે કોઈ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસો રૂ.૨,૫૦,૦૦૦/- થી વધુની કિંમતનું ટેન્ડર બહાર પાડીને વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ મેળવે તો કુલ 2% (બે ટકા) ટેકસ ડીડકશન એટ સોર્સ કરવાનું થાય, જેમાં ૧% (એક ટકો) ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેકસ અને ૧% (એક ટકો) સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેકસ હેઠળ કાપવાનો થાય અને SGST: 00060010101 તથા CGST: 00050010101 સદરે, જે મહિનામાં ડીડકશન થયું હોય તેના અંત પછીનાં ૧૦ દિવસની અંદર, સરકારી તિજોરીમાં જમા કરાવવાના રહેશે. વધુમાં, આ કપાત સામે કોન્ટ્રાકટરને ટી.ડી.એસ.ની કપાત કરનારે નમૂના GSTR -7A માં પ્રમાણપત્ર આપવાનું રહેશે તથા કરાવેલ સમય મર્યાદા મુજબના GSTR-7 પત્રક ભરવાનું રહેશે.

આ કલમનો અમલ જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણ મુજબ તા.૩૦-૯-૨૦૧૮ સુધી મુલતવી રાખેલ હતો, જેનો અમલ હવે સંદર્ભમાં વંચાણે લીધેલ તા.૧૪-૯-૨૦૧૮ના જાહેરનામા અનુસાર તા.૧-૧૨-૨૦૧૮ થી કરવાનો થાય છે, જેના માટે ગુજરાત જીએસટી અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૫ તથા ગુજરાત જીએસટી રૂલ્સ, ૨૦૧૭ના નિયમ ૧૨ (૧) અન્વયે ટેન્ડર દ્વારા ખરીદી કરનાર કે સેવા મેળવનાર સરકારી સક્ષમ અધિકારીએ નમૂના GST REG-07 માં અરજી કરીને નોંધણી દાખલો મેળવવાનો રહે છે.

ઉક્ત જોગવાઈઓનો અમલ તમામ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસોએ તા.૧–૧૦–૨૦૧૮ થી કરવાનો હોઈ, તાત્કાલિક અસરથી જીએસટી નેટવર્ક ઉપર ઓન–લાઈન વિગતો તથા જરૂરી પૂરાવા અપલોડ કરીને નોંધણી દાખલો મેળવી લેવો જરૂરી બને છે. આથી, સર્વે વિભાગો, ખાતાના વડા, તાબાની તમામ કચેરીઓ અને સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓ, જેવી કે મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામપંચાયત તેમજ સરકારી બોર્ડ અને કોર્પોરેશન, સરકારી કંપનીઓ, એસપીવી, વગેરે ને તેમના કાર્યક્ષેત્ર અને કામગીરી અનુસાર લાગુ પાડવાપાત્ર હોય તો સત્વરે નોંધણી દાખલો મેળવી લેવા જણાવવામાં આવે છે. સદર કામગીરી માટે કોઈ કાયદાકીય માર્ગદર્શન કે ટેકીનકલ માર્ગદર્શન માટે જરૂર જણાય તો નજીકની રાજ્ય કર કચેરી અથવા જીએસટી નેટવર્કની હેલ્પલાઈન અથવા રાજ્ય કર કમિશનર દ્વારા અમદાવાદ અને અન્ય કચેરીઓમાં શરૂ કરવામાં આવેલ હોય હેલ્પ ડેસ્કનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી હુકમથી અને તેમનાં નામે

સહી અવાચ્ય
(કે.એચ.પાઠક)
સંયુક્ત સચિવ (સચિવ)
નાણાં વિભાગ.

નકલ રવાના જાણ તથા જરૂરી અમલ સારૂઃ–

- સચિવાલયનાં સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી
- તમામ કલેકટરશ્રી તથા ડીડીઓશ્રી
- તમામ બોર્ડ / કોર્પોરેશન
- તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

**NOTIFICATION**
**FINANCE DEPARTMENT**
Sachivalaya, Gandhinagar.
Dated the 14th September, 2018
**Notification No.50/2018-State Tax**

Gujarat Goods and services Tax Act, 2017

No.(GHN-89))/GST-2018/S.1(4)TH:- In exercise of the powers conferred by sub-section (3) of section 1 of the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj-25 of 2017) and in supersession of the Government Notification, Finance Department No.(GHN-82)/GST-2017/S.1(3)/TH dated the 15th September, 2017, Notification No.33/2017- State Tax, except as respects things done or omitted to be done before such suppression, the Government of Gujarat hereby appoints the 1st day of October, 2018, as the date on which the provisions of section 51 of the said Act shall come into force with respect to persons specified under clauses (a), (b) and (c) of sub-section (1) of section 51 of the said Act and the persons specified below under clause (d) of sub-section (1) of section 51 of the said Act, namely:-

(a) An authority or a board or any other body:-
  (i) Set up by an Act of Parliament or a state legislature:
  or
  (ii) Established by any Government.
  With fifty-one percent or more participation by way of equity or control, to carry out any function.

(b) Society established by the central Government or the State Government or a Local authority under the societies Registration Act, 1860 (21 of 1860):

(c) Public section under takings.

This notification shall be deemed to have issued on the 13th day of September, 2018

By order and in the name of the Governor of Gujarat.

K.H.Pathak
Joint Secretary to Government

સરકારી/અર્ધસરકારી અને સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ કચેરીઓએ તેમના તમામ સરકારી નાણાંકીય વ્યવહારો ઇ-પેમેન્ટ/ ડીજીટલ પ્લેટફોર્મ મારફત કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક:. ક્રમાંક:ઈપીટી/ ૧૦૨૦૧૨/ સીએસઓ/ ૨૧-ઝ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૦૫/૧૨/૨૦૧૬

વંચાણે લીધોઃ

(૧) નાણા વિભાગનો તા.૩૦/૪/૨૦૧૩ ઠરાવ ક્રમાંક ઈપીટી/૧૦૨૦૧૨/સીએસઓ-૨૧/ઝ

(૨) નાણા વિભાગનો તા.૨૭/૫/૨૦૧૩ ઠરાવ ક્રમાંક : તજર/૧૦૦૫/૧૫૩/ઝ

ઠરાવઃ-

નાણા વિભાગના તા.૩૦/૪/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:ઈપીટી/૧૦૨૦૧૨/ સીએસઓ ૨૧-ઝ થી રાજયની તમામ પ્રકારની કચેરીઓમાં તમામ પ્રકારના બીલોના ચુકવણા તબક્કાવાર ઈ-પેમેન્ટથી કરવા બાબતની વિસ્તૃત સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સૂચનાઓમાં ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ કરવા અંગેની કાર્યવાહી તેમજ તિજોરી કચેરી/ પગાર અને હિસાબી કચેરીએ કરવાની કાર્યવાહી તેમજ બેંકે કરવાની કાર્યવાહી અંગેની વિસ્તૃત સૂચનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારબાદ નાણાં વિભાગના તા.૨૭/૫/૨૦૧૩ના ઠરાવથી ડીજીટલ સીગ્નેચર અંગેની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વર્તમાન ડીજીટલ યુગમાં મોબાઈલ બેંકીંગ અને અન્ય ડીઝીટલ પ્લેટફોર્મ મારફતે નાણાકીય વ્યવહારો કરવાનું ચલણ વધેલ છે. તેના સંદર્ભમાં સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ કચેરીઓમાં તમામ નાણાકીય વ્યવહારો ડીજીટલ પ્લેટફોર્મ મારફતે કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રાજય સરકારના તમામ નાણાંકીય વ્યવહારો ડીઝીટલ મોડથી થાય તે માટે તમામ સરકારી કચેરીઓએ તેઓના તમામ સરકારી કર, વેરાઓ, ફી અને દંડના વ્યવહારો સાયબર ટ્રેઝરી પોર્ટલ મારફતે કરવાના થશે.

(૨) ગુજરાત સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, સોસાયટી, સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓએ નવી તમામ સુવિદ્યાશુલ્ક (Utilities Bill) અંગેના વ્યવહારો Reserve Bank Of India ના NPCI (National Payments Corporation Of India) દ્વારા સંચાલિત ડીજીટલ પ્લેટફોર્મ જેવા કે આધાર લીંક પેમેન્ટ,

UPI(Unified Payment Interface), USSD(Unstructured Supplementary Service data) અને IMPS(Immediate Payment Service) મારફતે અથવા Point of Sale (POS) Machine ને અગ્રતા આપી કરવાના રહેશે.

(૩) પેરા (૨) માં દર્શાવેલ કચેરીઓ દ્વારા પેરા (૨) સિવાય અન્ય કોઈ ડીજીટલ મોડ/પેમેન્ટ ગેટ વે થી નાણાકીય વ્યવહારો અંગેની વ્યવસ્થા કરવામાં આવે તો તે આંતર સંચાલિત(interoperability), સાયબર સિકયુરીટી ધરાવતી તેમજ ભવિષ્યમાં અન્ય સીસ્ટમ સાથે ઈન્ટીગ્રેટ(Integrate) થઈ શકે તે પ્રકારની હોવી જોઈશે. તેમજ ICT સંબંધિત સરકારની તમામ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૪) ડીજીટલ પ્લેટફોર્મ મારફતે નાણાંકીય વ્યવહારો થઇ શકે તે માટે ઉક્ત તમામ કચેરીઓએ તેમના તમામ કર્મચારીઓના/લાભાર્થીઓના બેંકમાં ખાતા ખોલાવી બેંક ખાતા સાથે આધાર સીડીંગ અને મોબાઈલ સીડીંગ કરવાની તેમજ તમામ કર્મચારી/લાભાર્થી ડેબીટ કાર્ડ/રૂપે કાર્ડ મેળવી લે તેવી વ્યવસ્થા તા. ૩૧/૩/૨૦૧૭ સુધીમાં સુનિશ્ચિત કરવાની રહેશે.

(૫) તમામ કચેરીઓએ ડીજીટલ પ્લેટફોર્મ મારફતે તેમના તમામ નાણાંકીય વ્યવહારો થાય તે માટે તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં કચેરીને સાનુકુળ હોય તેવા ડીઝીટલ પ્લેટફોર્મની વ્યવસ્થા ઉક્ત પારા(૨) અને પારા(૩) ને ધ્યાને લઇને કરવાની રહેશે. આ અંગેની વ્યવસ્થા કરવા અંગે વિભાગો/ કચેરીઓએ જરૂર જણાય તો ICT પ્લેટફોર્મ માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તેમજ નાણાંકીય બાબતો માટે નાણાં વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

ઉક્ત ઠરાવનું પાલન થાય તેની પૂરતી કાળજી લેવા સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/બોર્ડ-કોર્પોરેશન/સોસાયટીઓ/સંસ્થાઓ/સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ વગેરેને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. કે. પટેલ )
નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક..મંત્રીશ્રી(નાણાં)ના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી. ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

*સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

- સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/ સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ, સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે કચેરીઓના વડાઓ, સર્વે જિલ્લા તિજોરી, સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ, સર્વે નિગમ, બોર્ડ, યુનિવર્સિટીઓ/ રાજય સરકારના જાહેર સાહસો.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

---

*પત્ર દ્વારા